# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:*suratdeo@gmail.com*


ક્રમાંક:RMSA/ વોકેશનલ વિષય સમાવેશ/૨૦૨૫/ 10786-90 તા:- 4 /૦૯/૨૦૨૫

પ્રતિ,

સંચાલકશ્રી / આચાર્યશ્રી,

સરકારી/ ગ્રાન્ટેડ/ખાનગી માધ્ય.ઉચ્ચ.માધ્યમિક શાળાઓ તમામ.

સુરત, જિલ્લો-સુરત ,સુરત કોર્પોરેશન.

આ સાથે સામેલ સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્ય.અને ઉચ્ચ.માધ્ય.શિક્ષણ બોર્ડ ગાંધીનગર ના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૨૫૮૭-૨૬૨૧ તારીખ-03/૦૯/૨૦૨૫ ના પત્રની જાણ અને અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

- પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા ,સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૯ ગાંધીનગર
- પ્રતિ સંયુક્ત નિયામક શ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર ૧૦/બી, જુના સચિવાલય પાસે, ગાંધીનગર,

નકલ રવાના જાણ:-

(૧) પ્રતિશ્રી એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (EI) અને AEI તમામ,અત્રેની કચેરી,સુરત

(૨) પ્રતિશ્રી BRC / URC / BRP/ CRC / VT તમામ.(શાળાઓને જાણ કરવાં સારું)

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/2587- 262)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર, તા.03/0૯/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૧૦ના વિષય માળખામાં વોકેશનલ
શિક્ષણના વિષયના સમાવેશ બાબત.

સંદર્ભ:- (૧) અત્રેનો તા.૧૬/૦૬/૨૦૨૫નો પત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૩૧૨-૫૦
(૨) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનો તા.૦૮/૦૮/૨૦૨૫નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ વિભાગના તા.૨૩/૧૦/૨૦૨૪ના પત્ર
ક્રમાંક:ED/other/e-file/3/૨૦૨૪/૪૦૯૫/CHH થી ધોરણ-૧૦માં હિન્દી માધ્યમની શાળાઓમાં જે વિષયો
છે તે ઉપરાંત વધારાના આઠમા વિષય તરીકે વોકેશનલ શિક્ષણનો વિષય ઉમેરવા માટે સરકારશ્રીની મંજૂરી
મળેલ હતી તેમજ ધોરણ-૧૦માં અન્ય માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓ જો ત્રીજી ભાષા અને વોકેશનલ
વિષય બંને રાખવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક ધોરણે ધોરણ-૧૦માં આઠમા વધારાના વિષય
તરીકે વોકેશનલ શિક્ષણનો વિષય રાખી શકે તે અંગે સરકારશ્રીની મંજૂરી મળેલ હતી. જે અન્વયે અત્રેના
સંદર્ભ-(૧) દર્શિત તા.૧૬/૦૬/૨૦૨૫ના પત્રથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓને આ વિગતો જાણ તથા અમલ સારું મોકલી આપવા માટે જણાવવામાં આવેલ હતું.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના સંદર્ભ-(૨) દર્શિત પત્ર અત્રેની કચેરીને રજૂઆત મળેલ છે. ઉક્ત
પત્રમાં દર્શાવેલ વિગતે ધોરણ-૧૦માં વોકેશનલ વિષયને આઠમા (મરજિયાત)વિષય તરીકે દાખલ કરવા
સંદર્ભે ગુણાંકન, ગુણ પત્રકમાં ટોટલ ગુણ અને આઠમા વિષય તરીકેના ગુણ બાબતે સ્પષ્ટતા થવા વિનંતી
કરેલ છે. જે અન્વયે જણાવવાનું કે જે વિદ્યાર્થીએ ધોરણ-૧૦માં આઠમા વધારાના વિષય તરીકે વોકેશનલ
વિષય રાખેલ હોય તે વિદ્યાર્થીએ ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે તમામ ૮ (આઠ) વિષયોમાં
ઉત્તીર્ણ થવાનું રહેશે. વોકેશનલ વિષયની હાલની જોગવાઈ મુજબ થિયરીના 30 ગુણમાંથી ૧૦ ગુણ,
પ્રેક્ટીકલના ૫૦ ગુણમાંથી ૧૭ ગુણ અને આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી ૦૬ ગુણ મેળવવાના રહેશે.
કુલ ૧૦૦ ગુણમાંથી 33 ગુણ ઉત્તીર્ણ થવા માટે મેળવવાના રહેશે. જે વિદ્યાર્થીએ આઠમો વધારાનો વિષય
તરીકે વોકેશનલ વિષય રાખેલ હોય તેના ગુણપત્રકમાં કુલ આઠ વિષયોના ગુણ / ગ્રેડ દર્શાવવામાં આવશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી
આપશો.

11410

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (SSC) તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘને જાણ સારૂ